Extra No. 115

વાર્ષિક લવાજમનો દર રૂા. ૪,૦૦૦/-

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LX] WEDNESDAY, APRIL 10, 2019 / CAITRA 20, 1941

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.**

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૧૦મી એપ્રિલ, ૨૦૧૯.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **શિક્ષણ વિભાગ-ના તારીખઃ ૨૨મી ફેબ્રુઆરી, ૨૦૧૯**ના જાહેરનામા **ક્રમાંકઃ જીએચ/એસએચ/૧૬/પીઆરઈ/૧૧૨૦૧૮/સિંગલ ફાઈલ-૨૪-ક.**-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

**વી.એન.શેખ,**
સરકારના નાયબ સચિવ.

**Notification**

***Regarding***

**Amendment to the Bombay Primary Education Rules, 1949.**

**મુંબઇ પ્રાથમિક શિક્ષણ નિયમો, ૧૯૪૯ સુધારવા સંબંધી જાહેરનામું.**

**શિક્ષણ વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૨૨મી ફેબ્રુઆરી, ૨૦૧૯.

**ગુજરાત પ્રાથમિક, શિક્ષણ અધિનિયમ, ૧૯૪૭.**

**ક્રમાંક: જીએચ/એસએચ/૧૬/પીઆરઇ/૧૧૨૦૧૮/સિંગલ ફાઇલ-૨૪-ક:** ગુજરાત સરકારને એવી ખાતરી થઇ છે કે ગુજરાત પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૪૭ (સન ૧૯૪૭ના મુંબઇના ૬૧મા)ની કલમ ૬૩ની પેટા-કલમ (૩)ના પરંતુક હેઠળ નિયમો કરવાનું અને તેની પૂર્વ પ્રસિદ્ધિ વિના ચલાવી લેવા માટે તાત્કાલિક પગલું લેવાનું તેમને માટે જરૂરી બનાવે તેવા સંજોગો પ્રવર્તે છે;

તેથી, હવે, ગુજરાત પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૪૭ (સન ૧૯૪૭ના મુંબઇના ૬૧મા)ની કલમ ૬૩-ની પેટા-કલમો (૧) અને (૨)થી મળેલી સતાની રૂએ, ગુજરાત સરકાર, આથી, મુંબઇ પ્રાથમિક શિક્ષણ નિયમો,૧૯૪૯ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો મુંબઇ પ્રાથમિક શિક્ષણ (ગુજરાત સુધારા) નિયમો, ૨૦૧૯ કહેવાશે.

૨. તે, રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખથી અમલમાં આવશે.

3. મુંબઇ પ્રાથમિક શિક્ષણ નિયમો, ૧૯૪૯માં, નિયમ ૧૦૬માં, "માન્યતા માટે અરજી" ને લગતા પરિચ્છેદ (ક)માં, પેટા-નિયમ (૭)માં,

(૧) ખંડ (૨)ને બદલે, નીચેનો ખંડ મૂકવો:-

(૨) વર્ગ ખંડ તરીકે ઉપયોગ કરાતા હોય અથવા ઉપયોગ કરવાનું સૂચિત કરવામાં આવ્યું હોય તેવા દરેક ઓરડામાં, શૈક્ષણિક હેતુ માટે ૬૦ ચોરસ ફૂટની જગા ઉપરાંત, આવા વર્ગમાં વિદ્યાર્થી દીઠ ૮ ચોરસ ફૂટ કરતાં ઓછી જગા હોવી જોઇશે નહિ, પરંતુ વર્ગ ખંડના ભોંયતળિયાનું ઓછામાં ઓછું ક્ષેત્રફળ (carpet area) ૩૦૦ ચોરસ ફૂટ કરતા ઓછુ હોવું જોઇશે નહિ. તેમ છતા, એક વર્ગ ખંડ કરતા વધારે (વર્ગ ખંડ)ના ભોંયતળિયાનું ક્ષેત્રફળ ૩૦૦ ચોરસ ફૂટ કરતાં ઓછુ હોય તેવા સંજોગોમાં, શાળાના વિદ્યાર્થી- શિક્ષકનો ગુણોત્તર, નીચે આપેલ સિદ્ધાંતમાં નિયત કર્યા મુજબના પ્રમાણ કરતાં વધવું જોઇશે નહિ-

વિદ્યાર્થી-શિક્ષકનો ગુણોત્તર= (ચોરસ ફૂટમાં સૌથી નાના વર્ગ ખંડનું ક્ષેત્રફળ-૬૦)/૮.

(૨) ખંડ (૩)ને બદલે, નીચેનો ખંડ મૂકવો:-

(૩) દરેક વર્ગમાં વધુમાં વધુ ૪૦ (ચાળીસ) વિદ્યાર્થીઓને અધીન રહીને, અનુદાન આપવામાં આવતી પ્રાથમિક શાળાઓમાં, ધોરણ ૧ થી ૮માં પ્રવેશ, અનુદાન મેળવેલ વર્ગોની મંજૂરીની સંખ્યાને મર્યાદિત રહેશે અને માન્યતા મેળવેલ વર્ગોની સામે વર્ગ ખંડોની ઉપલબ્ધતા મુજબ રહેશે:

પરંતુ સંબંધિત અધિકૃત અધિકારી પોતાના સ્વવિવેકાનુસાર, વધારાના વિદ્યાર્થીઓના પ્રવેશ માટે પરવાનગી આપવામાં આવી હોય તે શાળાઓના વર્ગખંડમાં વિદ્યાર્થીઓ માટે પૂરતી સગવડ અને સાધનસામગ્રી હોય તે વર્ગખંડમાં ૪૦ (ચાળીસ) વિદ્યાર્થીઓની મર્યાદા ઉપરાંત પાંચ વિદ્યાર્થીઓ કરતા વધુ ન હોય તેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકશે:

વધુમાં અનુદાન આપવામાં આવતી પ્રાથમિક શાળામાં વર્ગ દીઠ ૪૦ (ચાળીસ) વિદ્યાર્થીઓની મર્યાદા ઉપરાંત મંજૂર કરેલ વધારાના પ્રવેશની વિદ્યાર્થીઓની સંખ્યાને શિક્ષકોની નિમણૂક માટેની જરૂરિયાતને નક્કી કરવા માટે વિચારણામાં લેવી જોઇશે નહિ.

(૩) ખંડ (૪)ને બદલે, નીચેનો ખંડ મૂકવો:-

(૪) (નગરપાલિકાની હદો, મહાનગરપાલિકા (મ્યુનિસિપલ કોર્પોરેશન), શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તાર, વિસ્તાર વિકાસ સત્તામંડળની હદો, નોટીફાઇડ એરિયા વગેરે સહિતના) શહેરી વિસ્તારમાં નવી શાળા ચાલુ કરવાનો પ્રસ્તાવ મૂકે તેવું પ્રાથમિક શાળાનું કોઈ સંચાલક મંડળ, શાળાની હદના બાંધકામ માટે જરૂરી હોય તેટલા વિસ્તારને બાદ કરતાં, રમતના મેદાનના હેતુ માટે, ખુલ્લી જગ્યાના ઓછામાં ઓછા ૧૨૦૦ ચોરસ મીટર જગ્યાની માલિકી અને કબજો, પોતાના નામે ધરાવતું હોવું જોઈશે, જ્યારે, ગ્રામીણ વિસ્તારો (ગામ/ પંચાયત વિસ્તાર)ના કિસ્સામાં, સંચાલક મંડળ, શાળાની હદના બાંધકામ માટે જરૂરી હોય તેટલા વિસ્તારને બાદ કરતાં, રમતના મેદાનના હેતુ માટે, ખુલ્લી જગ્યાના ઓછામાં ઓછા ૨૦૦૦ ચોરસ મીટર જગ્યાની માલિકી અને કબજો, પોતાના નામે ધરાવતું હોવું જોઈશે. રમતના મેદાન અને શાળાના મકાન માટેની જમીન, શાળાના સંચાલકની માલિકીની જ હોવી જોઈશે અને તે જમીન શાળાના મકાનને લગોલગ આવેલા તે જ શાળાના સંકુલમાં હોવી જોઈશે. રમતના મેદાન માટે આવી રીતે નિર્ધારિત કરેલા વિસ્તારમાં, ગુજરાત સર્વાંગી વિકાસ નિયંત્રણ વિનિયમો, ૨૦૧૭ની જોગવાઇઓ હેઠળ રસ્તા અથવા પાર્કિંગ માટે અનામત રાખેલા વિસ્તારનો સમાવેશ કરવો જોઈશે નહિ.

ઉપર નિયત કર્યા પ્રમાણે, રમતના મેદાન માટેનો ઓછામાં ઓછો જરૂરી વિસ્તાર ધરાવતી શાળાએ, ૫૦૦ વિદ્યાર્થીઓ કરતાં વધારે વિદ્યાર્થીઓને પ્રવેશ આપવો જોઈશે નહિ. તેમ છતાં, ૫૦૦ વિદ્યાર્થીઓ કરતાં વધારે વિદ્યાર્થીના કોઈ પ્રવેશ માટે, વધારાના વિદ્યાર્થી દીઠ ૫ (પાંચ) ચોરસ મીટર જેટલો જમીનનો વધારાનો વિસ્તાર ઉપલબ્ધ કરવો જોઈશે.

રમતના મેદાન માટે નિર્ધારિત કરેલી જમીન પર કોઈ બાંધકામ ઊભું કરવું જોઈશે નહિ અને તે જમીન હંમેશા માટે ખાલી રાખવી જોઈશે.

શાળાના સંચાલકે, શૈક્ષણિક સંસ્થા માટે જરૂરી હોય તેટલી પાર્કિંગ માટેની જગ્યાના સંબંધમાં, ગુજરાત સર્વાંગી વિકાસ નિયંત્રણ વિનિયમો, ૨૦૧૭ના પરિચ્છેદ ક્રમાંક. ૮.૬ માં નિયત કર્યા પ્રમાણે, પાર્કિંગ માટેનો વિસ્તાર ઉપલબ્ધ કરવો જોઈશે. ગ્રામીણ વિસ્તારો માટે પણ શાળાના સંચાલકે, આ નિયમો હેઠળ જોગવાઈ કર્યા પ્રમાણે, પાર્કિંગની જરૂરી વ્યવસ્થા કરવી જોઈશે:

પરંતુ આવી રીતે ખાનગી પ્રાથમિક શાળા માટે પરવાનગી આપવા માટેની સત્તા આપેલી હોય તેવા સત્તાધિકારીએ, ખાસ સંજોગોના કિસ્સામાં, આ ખંડ હેઠળની જોગવાઈઓની આવશ્યકતાઓનું પાલન કરવા માટે છૂટછાટ આપવી જોઈશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

**વી. ટી. મંડોરા,**
સરકારના સંયુક્ત સચિવ.

--------------

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.